પૂર્વ પ્રોફેસરની સાયબર ફ્રોડ ગેંગ

સુરતના ડોક્ટર સાથે રૂ.૧.૫૦ કરોડની વીમા છેતરપિંડીમાં ત્રણ ઝડપાયા

નિવૃત્તિ પછીના આઠ વર્ષથી તબીબ સાથે ઠગાઈ ચાલતી હતી

ડમી સિમથી ફોન કરી ફ્રોડ

પૈસાની ત્રણ ભાગમાં વહેંચણી

સુરત:સાયબર ક્રાઈમ સેલે સિનિયર સિટીઝન ડોક્ટર સાથે વીમા પોલિસીના નામે થયેલી 1,56,33,004 ની ઠગાઈનો ભેદ ઉકેલી ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદથી ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. આ આંતરરાજ્ય સાયબર સિન્ડિકેટનું સંચાલન એક ઉચ્ચ શિક્ષિત 64 વર્ષીય નિવૃત્ત પ્રોફેસર કરતો હોવાની ચોંકાવનારી વિગત સામે આવી છે. આરોપીઓ પાસેથી વિપુલ પ્રમાણમાં મોબાઈલ ફોન, ડેબિટ કાર્ડ, ચેકબુક્સ અને રોકડ રકમ સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. સાયબર સેલ પોલીસ પાસે મળતી માહિતી મુજબ, આરોપીઓ વીમા પોલિસી ધારકોની માહિતી મેળવીને તેઓને ફોન કરતા હતા અને વીમા લોકપાલમાંથી બોલતા હોવાની ખોટી ઓળખ આપતા હતા. સુરતના સિનિયર સિટીઝન ડોક્ટરને વર્ષ 2018 થી 2026 દરમિયાન આ ગેંગે સતત ટાર્ગેટ કર્યા હતા. શરૂઆતમાં ઈન્શ્યોરન્સ લોકપાલના નામે ફોન કરી 15 જેટલી પોલિસીઓ લેવડાવી હતી. ત્યારબાદ પોલિસીના નાણાં પરત મેળવવાના બહાને પ્રોસેસિંગ ફી, જીએસટી અને ટેક્સ પેટે 10,000 થી 50,000 જેવા નાના-નાના હપ્તાઓમાં ટ્રાન્સફર કરાવી છેલ્લા 8 વર્ષમાં કુલ 1.50 કરોડથી વધુ રકમ પડાવી લીધી હતી.આ કેસની તપાસમાં સાયબર સેલ પોલીસને મોટી સફળતા મળી છે. આ ગેંગમાં 12-પાસ મહેશ હરિપ્રસાદ શર્મા અને ઈન્શ્યોરન્સ કંપનીના કોલ સેન્ટરમાં કામ કરી ચૂકેલો સોનુ ઠાકુર પણ સામેલ હતા. સોનુ પાસે ઈન્શ્યોરન્સ ગ્રાહકોનો લીક થયેલો ડેટા હતો. સોનુ ડમી સિમથી કોલ કરી નાણાં પ્રોફેસરના બેંક ખાતામાં જમા કરાવતો હતો.

રકમ જમા થતાં જ પ્રોફેસર રોકડ ઉપાડી લેતો અને 35% થી 50% કમિશન રાખી બાકીના નાણાં મહેશ અને સોનુ વચ્ચે વહેંચાતા હતા.અતુલકુમાર પાસેથી સિમકાર્ડ અને બેંક ખાતાની વિગતો મેળવી આગળ સોનુ ઠાકુરને આપતો હતો. તે ૧૫% થી ૨૦% કમિશન રાખી બાકીની રકમ સોનુને આપતો હતો.

ગરીબોને સસ્તામાં સિલિન્ડર આપવાના નામે મ્યુલ એકાઉન્ટ ખોલાવતા

અતુલકુમાર નરેશકુમાર શર્મા (ઉ.વ.૬૪, રહે. ગાઝીયાબાદ) બી.એસસી. અને એમ.બી.એ. થયેલા તથા ભૂતકાળમાં IMT કોલેજમાં પ્રોફેસર તરીકે નોકરી કરી ચૂક્યો છે. નિવૃત્તિ પછી ખર્ચ પહોંચી વળવા તેણે આ ક્રાઈમ નેટવર્ક શરૂ કર્યું હતું. તે ગરીબ લોકોને સસ્તામાં રાંધણ ગેસ સિલિન્ડર અપાવવાની લાલચ આપી તેમના આધાર પુરાવા મેળવી લેતો અને બેંકોમાં બોગસ (મ્યુલ) એકાઉન્ટ્સ તથા ડમી સિમકાર્ડ મેળવતો હતો. બેંકની નેટ બેન્કિંગ કિટ, ચેકબુક અને ડેબિટ કાર્ડ્સ પોતાની પાસે રાખીને તે સાયબર ફ્રોડનું આખું નેટવર્ક ચલાવતો હતો.

એક બંધ નંબરથી યુપી સુધી તપાસ લંબાઈ

સુરત સાયબર ક્રાઈમના ડીસીપી બિશાખા જૈને જણાવ્યું કે, ફરિયાદી ડોક્ટરના તમામ કોલિંગ નંબરો બંધ થઈ ગયા હતા. એક બંધ નંબરના ટેકનિકલ એનાલિસિસના આધારે સાયબર ક્રાઈમની ટીમે ગાઝિયાબાદમાં 7 દિવસ ફિલ્ડ વર્કઆઉટ કરીને આખી સિન્ડિકેટ પકડી પાડી હતી.

૮ રાજ્યોમાં ૭૩ ફરિયાદો નોંધાઈ

IMT કોલેજના પૂર્વ પ્રોફેસર અતુલકુમારના ઘરેથી મળી આવેલી ચેકબુક અને પાસબુકની તપાસ કરતાં કુલ ૪૭ બેંક એકાઉન્ટની વિગતો મળી આવી હતી. નેશનલ સાયબર ક્રાઈમ રીપોર્ટીંગ પોર્ટલ (NCCRP) પર તપાસ કરતાં આ બેંક ખાતાઓ દ્વારા તેલંગણા, તમિલનાડુ, મહારાષ્ટ્ર, કર્ણાટક, ગોવા, ગુજરાત, દિલ્હી, ઉત્તર પ્રદેશ સહિતના વિવિધ રાજ્યોમાં કુલ ૭૩ જેટલી ફરિયાદો નોંધાયેલી હોવાનું અને આશરે રૂ. ૩૩,૧૦,૪૨૨/- ની ઓનલાઈન છેતરપિંડી થઈ હોવાનું બહાર આવ્યું છે. પોલીસે આરોપીઓ પાસેથી 90 ડેબિટ કાર્ડ, 42 ચેકબુક, 17 પાસબુક, 28 મોબાઇલ, ડમી સિમકાર્ડ અને રોકડા 2.05 લાખ કબજે કર્યા છે.

‘મોંઘા ભજીયા’ ખાઈ લીધા બાદ ‘આપ’ હવે વિરોધ કરવા નીકળ્યો!

‘આપ’ કહે છે પ્રજા સુવિધાઓ મુદ્દે પરેશાન છે અને શાસકો ખાણી-પીણીની મોજ માણે છે

કોંગ્રેસના એકમાત્ર કોર્પોરેટરના મોઢે કાયમી ધોરણે ખંભાતી તાળાં

સુરત : મહાનગરપાલિકાની સામાન્ય સભા હવે પ્રજાના પ્રશ્નો ઉકેલવાનું મંચ મટીને શાસકો માટે ‘ખાણી-પીણી ઉત્સવ’ અને વિપક્ષ માટે ‘સોશિયલ મીડિયા શૂરવીરતા’ બતાવવાનો અખાડો બની ગઈ છે. પાલિકાની છેલ્લી સામાન્ય સભામાં પ્રજાના ટેક્સના પૈસામાંથી માત્ર દોઢ કલાકમાં ૧ લાખ રૂપિયાના ‘લાખેણા ભજીયા’ ઝાપટી જવાની શાસકોની ‘રાજાશાહી’નો વિવાદ મીડિયામાં ધુમ મચાવી રહ્યો છે. પણ તેની સામે સભાગૃહમાં મૌન સીવીને બેસનારા આમ આદમી પાર્ટીના વિપક્ષી વીરોની બેધારી નીતિ પણ ચર્ચાના ચગડોળે ચડી છે.

એક વ્યક્તિ દીઠ 1000 રૂપિયાના નાસ્તાનો હિસાબ સોશિયલ મીડિયા પર માગતા વિપક્ષી કોર્પોરેટર ધર્મેશ ભંડેરી સામે એવા સવાલો ઉઠયા છે કે, જ્યારે સભાખંડમાં શાસકોને ઘેરવાની અસલી તક હતી, ત્યારે તમારી કલમ અને જીભ કેમ લકવાગ્રસ્ત થઈ ગઈ હતી.? ભાજપના નેતાઓ પાર્ટી મિટિંગમાં ટિફિન બેઠકોના નાટક કરે છે અને સરકારી ખર્ચે મોંઘાદાટ ભજીયા ઉડાવે છે, જ્યારે વિપક્ષ આમ આદમી પાર્ટી ગૃહમાં આ મોંઘા ભજીયાનો સ્વાદ મુંગા મોંએ માણીને બહાર નીકળ્યા પછી અખબારી યાદીઓ જાહેર કરી અશ્રુ વહાવે છે. અને કોંગ્રેસના એકમાત્ર કોર્પોરેટરના મોંઢે ખંભાતી તાળુ લાગેલું હોય તેમ ભાજપ-કોંગ્રેસ ભાઈ ભાઈ જેવી પ્રતીતિ થઈ રહી છે.

ભજિયાં સારી ગુણવત્તાવાળાં હતાં અને 50 રૂપિયા સસ્તા મળ્યાનો મેયરે ફરી ભાંગરો વાટ્યો

તો શું સુરતમાં અન્ય સ્થળે ખરાબ ગુણવત્તાનાં ભજીયા મળે છે? જો મળે છે તો મેયર કેમ બંધ કરાવતા નથી? તેવા સવાલો ઊઠ્યા

કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલવાલાએ આક્ષેપો કર્યા છે કે પાલિકાના તાપી ભવનથી માત્ર એક કિલોમીટરના વિસ્તારમાં જ ૩૫૦થી ૪૦૦ રૂપિયા કિલોના ભાવે ઉત્તમ ગુણવત્તાના ભજીયા મળે છે. તેમ છતાં, ૫ થી ૬ કિલોમીટર દૂર આવેલી કોઈ ચોક્કસ દુકાનમાંથી ૮૦૦ રૂપિયાના ભાવના ભજીયા મંગાવવા પાછળ મોટું આર્થિક સેટિંગ જવાબદાર છે. આ ભજીયાની ખરીદીમાં પણ મોટું કમિશન ખવાયું હોવાની પૂરેપૂરી શંકા છે. બીજી તરફ મેયર માયા માવાણીએ પત્રકારો સમક્ષ ભાંગરો વાટ્યો હતો કે ભજીયાનો મૂળ ભાવ ૮૦૦ રૂપિયા કિલો હતો, પરંતુ પાલિકાને ૫૦ રૂપિયા ઓછા ભાવે મળ્યા હતા અને ખરેખર ગુણવત્તાવાળા ભજીયા હતા! મેયરના આ ખુલાસા સામે એવો સવાલ થાય છે કે પછી શું સુરતમાં અન્ય સ્થળે ગુણવત્તા વિનાના ભજીયા વેચાય છે?!

કતારગામમાં રૂ.૪.૬૬ લાખના હીરાની સ્નેચિંગનું રત્નકલાકારે કાવતરું રચ્યું



હીરાનું પાર્સલ લઈ જનાર વિજય રાઠોડની ક્રાઈમ બ્રાંચે પૂછપરછ કરતાં ભાંડો ફૂટ્યો

વિજયે મિત્ર કિશન અને અન્ય એક સાથે મળીને કાવતરું ઘડ્યું હતું

વિજય પાંચ મહિનાથી ભાવેશ વડોદરિયા કારખાનાથી જોબ વર્ક કરેલા હીરા ડિલિવરી કામ કરે છે અને વિજયે પોતાના મિત્ર કિશન રઘુભાઈ પાળદિયા તથા અન્ય એક શખ્સ સાથે મળીને હીરાની બેગ સ્નેચ કરાવવાનું આયોજન કર્યું હતું. આ માટે તેણે પોતાના મિત્રોને હીરાના પાર્સલની અવરજવર અને અન્ય જરૂરી ટિપ્સ આપી હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે. આમ, શરૂઆતમાં અજાણ્યા બાઇકસવારો દ્વારા કરવામાં આવેલી સ્નેચિંગની ઘટના હોવાનું જણાતું હતું, પરંતુ તપાસમાં હીરા લઈ જનાર રત્નકલાકારની જ કાવતરામાં સંડોવણી બહાર આવતાં સમગ્ર કેસમાં નવો વળાંક આવ્યો છે. ક્રાઈમ બ્રાંચ દ્વારા આ ગુનામાં સંડોવાયેલા અન્ય શખ્સોની ભૂમિકા અને લુંટાયેલા હીરા અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

સુરતઃ કતારગામ વસ્તાદેવી રોડ પર હીરાના પાર્સલની સ્નેચિંગની ઘટનામાં નવો વળાંક આવ્યો છે. શુક્રવારે સવારે આશરે ૧૦ વાગ્યે વરાછાની ગાયત્રી સોસાયટી સ્થિત હીરાના કારખાનામાંથી રત્નકલાકાર વિજય રાઠોડ જોબવર્ક માટે આપવામાં આવેલા રૂ.૪.૬૬ લાખની કિંમતના હીરાની બેગ ખેંચી લેવામાં આવી હતી. ક્રાઈમ બ્રાંચે તપાસ કરતાં હીરાનું પાર્સલ લઈ જનાર વિજય રાઠોડની શંકાના આધારે કડક પૂછપરછ કરી હતી, જેમાં તે ભાંગી પડ્યો હતો અને સમગ્ર ઘટનાનું કાવતરું પોતે જ રચ્યું હોવાની કબૂલાત કરી હતી.

મનપા દ્વારા આજે સુરતમાં ‘એકતા દિવસ’ની ભવ્ય ઉજવણી કરાશે

60 સ્થળેથી લાખો લોકો ઓનલાઈન એકતા પરેડ અને PM મોદીનું પ્રબોધન નિહાળશે

સુરતઃ આવતીકાલે 31 ઓક્ટોબરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીએ ‘રાષ્ટ્રીય એકતા દિવસ’ નિમિત્તે સુરતમાં 60 સ્થળો પર વિવિધ કાર્યક્રમના આયોજનો કરવામાં આવ્યા છે. આ સ્થળો પરથી કેવડિયા ખાતે થનારા મોદીના કાર્યક્રમનું લાઈવ પ્રસારણ પણ કરવામાં આવશે. સાથે સાથે સાંજે જમણવારના આયોજનો પણ કરાયા છે.

30 ઈલેક્શન વોર્ડનાં 60 સ્થળો બે લાખથી વધુ નાગરિકો જોડાશે

સુરત મહાનગરપાલિકા વિસ્તારના તમામ 30 ઈલેક્શન વોર્ડમાં જનજાગૃતિ અને ઉત્સાહ સાથે કુલ 60 મહત્ત્વપૂર્ણ સ્થળો નક્કી કરવામાં આવ્યાં છે, જ્યાં બે લાખથી પણ વધુ લોકો આ એકતા પર્વમાં સક્રિયપણે સહભાગી બનશે.

સરકારી ખર્ચે રાજકીય પ્રચારમાં 60 લાખનો ભોજન ખર્ચ વિવાદમાં

એકતા પરેડના ભવ્ય કાર્યક્રમ બાદ સાંજે 7:10થી 7:40 વાગ્યા દરમિયાન દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું રાષ્ટ્રજોગ ઓનલાઈન પ્રબોધન અને પ્રેરણાદાયી સંબોધન યોજાશે. સાંજે 7:40 વાગ્યાથી તમામ 60 સ્થળ પર ભોજન સમારંભ અને સમૂહ ભોજનનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જોકે, આ કાર્યક્રમને આડકતરી રીતે ભાજપનો પ્રચાર મનાતો હોવાથી સુરત મનપા દ્વારા 60 જગ્યાએ પ્રજાના કરવેરામાંથી 60 લાખના ખર્ચે યોજનારા ભોજન સમારંભ સામે સવાલો ઊઠી રહ્યા છે.

સુરતના ઉધનાની કાપડ પેઢી સાથે મુંબઈના વેપારીનો વિશ્વાસઘાત

રૂપિયા ૫.૧૫ લાખ બાકી રાખી જાનથી મારી નાંખવાની ધમકી

સુરત : સુરતના ઉધના વિસ્તારમાં આવેલી એક કાપડની પેઢી સાથે મુંબઈના કાલબાદેવીના એક વેપારી દ્વારા વિશ્વાસઘાત કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે.

અડાજણ પાટિયા વિસ્તારની રોયલ રેસિડેન્સીમાં રહેતા ૪૭ વર્ષીય ગુલ અહેમદ ઇકબાલ નુરાનીએ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેઓ ઉધના ઉદ્યોગનગરમાં આવેલી અલ બરખા ટ્રેડિંગ પેઢી સાથે સંકળાયેલા છે. ગત એપ્રિલ ૨૦૨૬માં મુંબઈના કાલબાદેવી ખાતે રિદ્ધિ સિદ્ધિ એન્ટરપ્રાઈઝના નામથી વેપાર કરતા કેસુર ભાવેશ બચુભાઈનો સંપર્ક થયો હતો. આરોપીએ સમયસર પેમેન્ટ ચૂકવવાની ખાતરી આપતા પેઢી દ્વારા ગત ૫ મે, ૨૦૨૬ના રોજ રૂ. ૬,૧૫,૨૫૨ ની કિંમતનો ગ્રે કાપડનો માલ મુંબઈ મોકલવામાં આવ્યો હતો, જેનો સ્વીકાર કર્યાની પૂરતી વિગતો પણ મળી હતી. નક્કી કરેલી મુદત બાદ આરોપીએ ૨૩ મે, ૨૦૨૬ના રોજ માત્ર રૂ. ૧ લાખ ચૂકવ્યા હતા, પરંતુ બાકીની રકમ આપવાને બદલે ઉડાઉ જવાબો આપ્યા હતા. ફરિયાદી દ્વારા વારંવાર ઉઘરાણી છતાં પેમેન્ટ ન આપીને આરોપીએ વોટ્સએપ કોલ દ્વારા ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે ઉધના પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સાડી ખરીદવાના નામે 4 મહિલા 20 હજારની બાંધણી ચોરી ગઈ

સીસીટીવીમાં બે મહિલાઓ શરીર પર પહેરેલી સાડીમાં બાંધણીની સાડી છુપાવતી કેદ

સુરત : વરાછા વિસ્તારમાં આવેલી જૂની બોમ્બે માર્કેટમાં સાડી ખરીદવાના બહાને આવેલી ચાર અજાણી મહિલાઓએ વેપારીની નજર ચૂકવી રૂપિયા 20 હજારની બે બાંધણી સાડીની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. અડાજણના શંખેશ્વર હાઈટ્સમાં રહેતા 22 વર્ષીય કલ્પ જીતેન્દ્રભાઈ ડુંગાણી વરાછા ઉમરવાડા સ્થિત જૂની બોમ્બે માર્કેટમાં ઓ/28 નંબરની દુકાનમાં ‘અભિનંદન બંધેજ’ નામે સાડીનો વેપાર કરે છે. 26 ઓક્ટોબર 2026ના રોજ ચાર અજાણી મહિલાઓ સાડી ખરીદવાના બહાને દુકાને આવી હતી અને અડધો કલાક સુધી સાડીઓ જોયા બાદ જતી રહી હતી. તપાસ કરતાં બે સાડી ગાયબ જણાઈ હતી. જેથી સીસીટીવી ફુટેજ જોતાં આ ચાર મહિલાઓ જ સાડી પોતાના વસ્ત્રોમાં છુપાવ્યાનું દેખાયું હતું. જેથી વેપારીએ પોતાની રીતે શોધખોળ કર્યા બાદ વરાછા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે સીસીટીવી ફુટેજના આધારે ચારેય મહિલાઓની ઓળખ મેળવવા તપાસ શરૂ કરી છે.

પાંડેસરા - બમરોલીમાંથી વધુ ત્રણ બોગસ તબીબ પકડાયા

ત્રણેય પાસે તબીબી ડિગ્રી નહોતી, છતાં દર્દીઓના જીવન સાથે ચેડાં કરતા હતાં

સુરતઃ ગત ગુરુવારે એસઓજી પોલીસે ડિંડોલીમાં દરોડા પાડી 9 બોગસ ડોક્ટરને પકડી પાડ્યા બાદ સતર્ક થયેલી પાંડેસરા પોલીસે બમરોલી રોડ પર મુક્તિ નગર પ્લોટ નં.૧૧૯ના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા ‘જીવનદીપ ક્લિનિક’માંથી બોગસ તબીબ દુલાલચંદ્ર મોંડલ (ઉં.વ.૪૬) ને પકડી લીધો હતો. આ ઉપરાંત તેરેનામ ચોકડી નજીક દેવીદર્શન નગરના પ્લોટ નં.૧૪૫ના પ્રથમ માળે આવેલા ‘શ્રી બાબા વિશ્વનાથ ક્લિનિક’માં દરોડો પાડી ત્યાંથી પણ બોગસ તબીબ બ્રિજેશકુમાર હુબલાલ પટેલ (ઉં.વ.૫૫)ને પકડી પાડવામાં આવ્યો હતો. બંને બોગસ તબીબ કોઈપણ પ્રકારની તબીબી ડિગ્રી વિના દર્દીઓની સારવાર કરતાં હતાં. ઉપરાંત ગુ.હા. બોર્ડ હિરાનગરના પ્લોટ નં.૧૪૪માં આવેલા ‘આરતી ક્લિનિક’માં તપાસ કરી બોગસ તબીબ સંજયભાઈ હિરજીભાઈ પાટીલ (ઉં.વ.૬૦)ને પકડી લીધો હતો. તમામ સ્થળેથી મેડિકલ સાધનો કબ્જે કરાયા હતા.

ખટોદરામાં બે બોગસ તબીબો ઝડપાયા

ખટોદરા પોલીસે ભટારના મહાદેવનગર સોસાયટીના પ્લોટ નં.૨૯૪ ખાતે આવેલા ક્લિનિકમાં દરોડો પાડી અમલકુમાર મહાનંદા બિસ્વાસ (ઉં.વ.આશરે ૬૦) (મૂળ પશ્ચિમ બંગાળ) ને પકડી પાડ્યો હતો. સાથે સાથે ભટારના તડકેશ્વર મહાદેવ મહોલ્લામાં આવેલા ‘ વિનાયક ક્લિનિક’માંથી પણ બોગસ તબીબ યમુનાપ્રસાદ શીતલાપ્રસાદ મિશ્રા (ઉં.વ.૫૮)ને પકડી લીધો હતો.

નવી સિવિલ હોસ્પિ.માં વ્હિલચેર ન મળતા દર્દીના પરિવારે વિડીયો ઉતારતા માથાકૂટ

સિક્યુરિટી ગાર્ડે વિડીયો ડિલીટ કરવા કહેતા માથાકૂટ, આખરે પોલીસે પરિવારજનોનું માફીનામું લઈ મામલો થાળે પાડ્યો

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલના કિડની બિલ્ડિંગમાં વ્હિલચેર ન મળતાં દર્દીના પરિવારજનોએ મોબાઈલમાં વીડિયો ઉતાર્યો હતો. જોકે, સિક્યુરિટી ગાર્ડે વીડિયો ડીલીટ કરવાનું કહેતાં મામલો બિચક્યો હતો. વેસુમાં વેલેન્ટાઈન સિનેમા નજીક SMC આવાસમાં રહેતાં 51 વર્ષીય શાંતિદેવી રામેશ્વર ભગતના ઘૂંટણમાં દુખાવો થતો હોવાથી પરિવારજનો તેઓને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલના કિડની બિલ્ડિંગના ઓર્થોપેડિક ઓપીડીમાં લઈ આવ્યાં હતાં. જોકે, દર્દી ચાલી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી પરિવારજનોએ કિડની બિલ્ડિંગના મુખ્ય ગેટ પાસે વ્હિલચેર શોધી હતી. ત્યાં વ્હિલચેર નહીં મળતાં તેમણે ફરજ પરના સિક્યુરિટી ગાર્ડ પાસે માંગણી કરી હતી. સિક્યુરિટી ગાર્ડે વ્હિલચેર અન્ય દર્દીઓને લઈ જવામાં આવી હોવાનું જણાવી થોડીવાર રાહ જોવા અથવા સ્ટ્રેચર લઈ જવા કહ્યું હતું.

અંતે પરિવારજનોએ કિડની બિલ્ડિંગની બહારથી મોબાઈલમાં વીડિયો ઉતારવાનું શરૂ કર્યું હતું. દરમિયાન સિક્યુરિટી ગાર્ડની નજર પડતાં તેઓ પરિવારજનો પાસે દોડી ગયા હતા અને વીડિયો ડીલીટ કરવા કહેતાં બંને પક્ષો વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી. મામલો વધુ ઉગ્ર બનતાં 112 પર પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી પરિવારજનોને પોલીસ ચોકીમાં બેસાડ્યા બાદ ખટોદરા પોલીસ મથકે લઈ ગઈ હતી. જ્યાં પરિવારજનોએ પોલીસકર્મીઓને માફીનામું લખી આપ્યું હોવાનું જાણવા મળ્યું છે.

દલાલી માટે આપેલા 60 લાખના હીરા લઈ કર્મચારી ગાયબ!

બે વર્ષથી મુંબઈ ઓફિસ સંભાળતા કર્મચારીને વેપારીએ દલાલી માટે 488.86 કેરેટ લેબગ્રોન હીરા મોકલ્યા હતા

સુરત : મહિધરપુરામાં ‘ક્રાફ્ટેડ કાર્બ’ નામે ભાગીદારી પેઢી ચલાવતા હીરા વેપારીને તેમની જ કંપનીમાં નોકરી કરતા કર્મચારીએ રૂપિયા 60 લાખની કિંમતના લેબગ્રોન પોલિશ્ડ હીરા પરત નહીં આપી કથિત રીતે છેતરપિંડી કરી હતી.

વેસુ સ્થિત સૂર્યા હેરિટેજમાં રહેતા 42 વર્ષીય હર્ષિત લહેરચંદ ગાંધી મહિધરપુરાની રત્નાકર ચેમ્બર્સમાં ‘ક્રાફ્ટેડ કાર્બ’ નામની ભાગીદારી પેઢી ચલાવે છે. કંપનીની મુંબઈના બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સમાં પણ ઓફિસ આવેલી છે. આ ઓફિસનો વહીવટ સંભાળવા માટે એપ્રિલ 2024માં અભય રાજેશ પટનીને માસિક રૂપિયા 65 હજારના પગારે નોકરીએ રાખવામાં આવ્યો હતો. અભયે પોતાના કોટકમાં ઘણા વેપારીઓ સાથે સંપર્ક હોવાનું જણાવી લેબગ્રોન હીરાની દલાલી કરવાનું શરૂ કરવાની વાત કરી હતી. શરૂઆતમાં મોકલેલા હીરાનું પેમેન્ટ સમયસર કરાવતાં વેપારીએ વધુ વિશ્વાસ મૂક્યો હતો. જોકે, 27 માર્ચ 2026ના રોજ રૂપિયા 20 લાખના 151.21 કેરેટ, 28 માર્ચ રૂપિયા 30 લાખના 250.68 કેરેટ અને 30 માર્ચે રૂપિયા 10 લાખના 86.97 કેરેટ લેબગ્રોન પોલિશ્ડ હીરા આઈ.એમ. અંગડિયા મારફતે મુંબઈ મોકલવામાં આવ્યા હતા. પરંતુ અભયે તેના નાણાં ચૂકવ્યા નહોતા. જેથી મહિધરપુરા પોલીસમાં ફરિયાદ કરાઈ હતી.

આજે વિશ્વ વેગન દિવસઃ સુરતમાં પણ વેગન જીવનશૈલી તરફ યુવાનોનો વધતો ઝોક

સુરતમાં અનેક કેફેમાં હવે વિગન વાનગી

યુવાનો ખાસ કરીને વિગન જીવનશૈલી તરફ વળી રહ્યા છે

સુરતઃ દર વર્ષે 1 નવેમ્બરે વિશ્વ વિગન દિવસ તરીકે ઉજવવામાં આવે છે ત્યારે સુરતમાં પણ વધુને વધુ લોકો વિગન બની રહ્યા હોવાથી અનેક કેફે અને રેસ્ટોરન્ટમાં વિગન વાનગીઓ વેચાવા માંડી છે. ખાસ કરીને યુવાનોમાં પ્લાન્ટ બેઝ્ડ ફૂડ, ડેરીના વિકલ્પો અને વિગન ડાયટ અંગે રસ જોવા મળી રહ્યો છે. દૂધના સ્થાને સોયા, બદામ, ઓટ્સ અને અન્ય પ્લાન્ટ આધારિત મિલ્કનો ઉપયોગ કરનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. વિગન જીવનશૈલીમાં શાકભાજી, ફળો, અનાજ, કઠોળ, દાળ, નટ્સ અને વિવિધ પ્લાન્ટ આધારિત ખાદ્યપદાર્થોનો સમાવેશ કરવામાં આવે છે.

વનસ્પતિ આધારીત વિકલ્પો અપનાવીએ તો વિગન બનવામાં કોઈ જ મુશ્કેલી નથી : કાપડ વેપારી સુકેશ અગ્રવાલ

સુરતના કાપડ વ્યવસાય સાથે સંકળાયેલા સુકેશ અગ્રવાલે પશુ-ક્રૂરતાના વીડિયો જોઈને વિગન બનવાનો નિર્ણય લીધો હતો. તેઓ જણાવે છે કે તેમના સંપર્કમાં આવીને અત્યાર સુધીમાં 500થી વધુ લોકો વિગન બનવા માટે પ્રેરિત થયા છે. વિગન બન્યા પછી ખાવા-પીવામાં જરાપણ મુશ્કેલી પડતી નથી. વનસ્પતિ આધારિત વિકલ્પો અપનાવીએ તો ઘણી વાનગીઓ સરળતાથી વિગન બની શકે છે. માત્ર સુરત જ નહીં, પરંતુ દુનિયાના અનેક શહેરોમાં વિગન ભોજનના વિકલ્પો ઉપલબ્ધ છે.

શાંઘાઈ જેવાં શહેરોમાં ઘણી વિગન રેસ્ટોરન્ટ્સ છે, સમાન વિચારધારા ધરાવતા લોકો સાથે ઘણાં છેઃ દેવેન તેજાણી

મૂળ સૌરાષ્ટ્રના ભાવનગર વતની છેલ્લા પાંચ વર્ષથી વિગન જીવનશૈલી જીવતાં ૨૬ વર્ષના દેવેન તેજાણીએ જણાવ્યું હતું કે વિગન બનવાનો મારો નિર્ણય માત્ર ખોરાક બદલવાનો નહોતો, પરંતુ પ્રાણીઓ પ્રત્યેનો મારો દૃષ્ટિકોણ બદલાવાની શરૂઆત હતી. તેમણે કહ્યું હતું કે ગ્રામીણ વિસ્તારમાં પ્રવાસ કરી રહ્યો હતો. ત્યાં મેં મારી આંખો સામે એક વાછરડાનો જન્મ થતો જોયો હતો વાછરડાનો જન્મ થયા પછી ડેરી ફાર્મરે સૌથી પહેલાં તે નર છે કે માદા તે તપાસ્યું. જ્યારે ખબર પડી કે વાછરડું નર છે, ત્યારે તેના ચહેરા પર નિરાશા જોવા મળી. ત્યારબાદ ગાયના પગ દોરીથી બાંધવામાં આવ્યા અને તેના આંચળમાંથી જન્મ પછીનું પહેલું દૂધ કાઢવામાં આવ્યું. આ દરમિયાન ડેરી ફાર્મર પીવીસી પાઇપથી મારતો પણ હતો. પહેલા દૂધને એક નાના વાસણમાં એકત્રિત કરીને ડેરી ફાર્મરે મને પણ એ દૂધ પીવાની ઓફર કરી અને કહ્યું કે આ સ્વાસ્થ્ય માટે ખૂબ સારું છે, પરંતુ મેં ના પાડી. આ આખી ઘટના મારી નજર સામે બની રહી હતી. એ ક્ષણે મારા મનમાં એક જ વિચાર આવ્યો કે આ દૂધ તો વાછરડાનું છે. જે બાળકનો હક છે એના માટેનું દૂધ આપણે શા માટે લઈએ? આ ઘટના મારા માટે એક ટર્નિંગ પોઇન્ટ સાબિત થઈ. શાંઘાઈ જેવા શહેરોમાં ઘણી વિગન રેસ્ટોરન્ટ્સ છે. વિગન જીવનશૈલીને લઈને કોઈ ખાસ મુશ્કેલી નથી. શરૂઆતમાં લોકોને આ જીવનશૈલી સમજવામાં થોડો સમય લાગ્યો, પરંતુ આજે મારા પરિવારના સભ્યો પણ મારી સાથે વિગન વાનગીઓ બનાવે છે અને ખાય છે.

મનપસંદ પલ્સર વેચવાની વાતથી વ્યથિત યુવતીએ જીવન ટુંકાવ્યું

ગોડાદરામાં 18 વર્ષીય યુવતીએ લિવ-ઇન પાર્ટનર સૂતો હતો ત્યારે ફાંસો ખાઈ આપઘાત કર્યો

સુરત : ગોડાદરા વિસ્તારમાં આર્થિક સંકડામણના કારણે 18 વર્ષીય યુવતીએ આપઘાત કરી લીધો હતો.

મૂળ ઉત્તરપ્રદેશના ઉન્નાવ જિલ્લાની વતની 18 વર્ષીય મોહિની ગોડાદરા વિસ્તારમાં આવેલા લક્ષ્મણનગરમાં પોતાના જ વતનના એક યુવક સાથે છેલ્લા ચાર મહિનાથી લિવ-ઈન રિલેશનશિપમાં રહેતી હતી. મોહિની સાડી ફિનિશિંગના કામમાં નોકરી કરીને આર્થિક રીતે પરિવારને મદદરૂપ થતી હતી, જ્યારે યુવક રેપિડો ચલાવીને ગુજરાન ચલાવતો હતો. ગત સાંજે યુવક ઘરે સૂતો હતો તે દરમિયાન મોહિનીએ ઘરમાં લોખંડની એંગલ સાથે સાડી બાંધીને ફાંસો ખાઈ લીધો હતો. તપાસ દરમિયાન મોહિનીએ લખેલી સુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં ઘરનું ભાડું બાકી હોવા, ગેસ ખૂટી ગયો હોવા અને આર્થિક તંગીના કારણે યુવકની પલ્સર બાઈક વેચવાની વાત ચાલતી હોવાનો ઉલ્લેખ છે. આ બાઈક મોહિનીની મનપસંદ હોવાથી તે વેચવા દેવા માંગતી ન હતી. વધુમાં, મોહિનીના માતા-પિતા હયાત ન હોવાથી તે વતનમાં કાકા સાથે રહેતી હતી. થોડા વર્ષ અગાઉ હાલ તેની સાથે લિવ-ઈનમાં રહેતા યુવક વિરુદ્ધ વતનમાં પોક્સો એક્ટ હેઠળ ગુનો પણ નોંધાયો હતો. ત્યારબાદ કાકાએ મોહિનીને પોતાની સાથે રાખવાની ના પાડતાં તે યુવક સાથે સુરત રહેવા આવી ગઈ હતી.